સરસ્વતી તાલુકામાં સૌથી વધુ ૮.૬, પાટણમાં ૫.૬, રાધનપુરમાં ૬ અને સિદ્ધપુરમાં સાડા પાંચ ઈંચ વરસાદ ખાબક્યો

પાટણ જિલ્લામાં વરસાદનું રૌદ્ર સ્વરૂપ : આનંદ સરોવર ઓવરફ્લો થતા સોસાયટીઓમાં પાણી ઘૂસ્યા

પાટણ. તા. ૨૪

પાટણ જીલ્લામા શનિવારથી અવિરત ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. શનિવારથી શરૂ થયેલ વરસાદ આજે સોમવારે સવારે દશ વાગ્યા સુધમા મુશળધાર વરસાદ વરસતા સમગ્ર જીલ્લામા પાણી-પાણીના જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

સતત અવિરત વરસાદે પાટણમા ૮ ઈંચ સરસ્વતી તાલુકામા આઠ ઈંચ રાધનપુરમાં ૭ ઈંચ સિધ્ધપુરમા ૭ ઈંચ હારીજમાં ૭ ઈંચ શંખેશ્વરમાં ૪ ઈંચ સમીમાં ૩ ઈંચ ચાણસ્મામા ૪ ઈંચ જેટલો વરસાદ આજે સોમવારે સવારે આઠ વાગ્યા સુધીમાં નોધાયો છે. સતત વરસાદની અછત ભોગવતા પાટણ-બનાસમા ખેતીને લાયક અવિરત વરસાદ વરસી રહ્યો છે.

પાટણ શહેરમાં પડેલા અતિભારે વરસાદે સમગ્ર પાટણ શહેરને વરસાદી પાણીથી ધમરોળી નાખ્યુ છે. સમગ્ર નિચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરોમા પાણી ઘુસી જતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. આનંદ સરોવર તળાવ ઓવરફ્લો થતા આજુબાજુની સોસાયટીઓમા ઘરોમા અને રસોડામા પાણી ફરી વળ્યા છે. ચિત્રકુટ સોસાયટી કર્મભૂમિ સોસાયટી રેલ્વે અંડર બ્રીજ કોલેજ રોડ તેમજ પિતાંબર તળાવ હંગામી બસસ્ટેન્ડ સિધ્ધપુર ચાર રસ્તા પાણીમા ગરકાવ થઈ જવા પામ્યા છે. લોકો ભારે પરેશાનીમા મુકાયા છે. નગરપાલિકાના પ્રી પ્લાન અને વહીવટકર્તા વહીવટમાં નિષ્ફળ જતા પાટણની પ્રજામા નગરપાલિકાના સત્તાધીશો સામે ભારે રોષ અને આક્રોશ વ્યાપ્યો છે.

પાટણની પ્રજા ભારે પરેશાનીમાં મુકાતા અને શહેરની પરિસ્થિતિ બગડતા ધોધમાર વરસતા વરસાદમાં ઘુટણસમા પાણીમા જયા પાણી ભરાયા છે. તે નિચાણવાળા વિસ્તારોમાં ધારાસભ્યશ્રી ડૉ.કીરીટભાઈ પટેલ છેલ્લા ત્રણ દિવસથી ફરી લોકોની સમસ્યા હલ કરી રહ્યા છે. સાથે પાલિકાના ભીફ ઓફીસર માળી પણ જોડાયા છે.

ચાણસ્મામા પુષ્પાવતી નદી બે કાંઠે વહી રહી છે. ચાણસ્મા બહુચરાજી હાઈવે સૌરાષ્ટ્રને જોડતો હાલ બંધ કરવામાક આવ્યો છે. દિવાલ ધરાસઈ થતા સરપંચના પિતાનુ મૃત્યુ થયુ છે. જયારે હારીજમા પણ સાર્વત્રીક પાણી પાણી જ છે. નિચાણવાળા વિસ્તારો ભીલ પરૂ પાણીમા ગરકાવ થઈ જવા પામ્યુ છે.

રાધનપુર કચ્છને જોડતો નેશનલ હાઈવે રોડ પર પાણી ભરાતા અને મસમોટા ખાડાઓ પડતા વાહનચાલકો તેમજ રાહદારીઓ ભારે પરેશાનીમા મુકાયા છે. શહેરની મદયમા આવેલ બસસ્ટેન્ડ જલારામ સોસાયટી તેમજ અન્ય વિસ્તારો પાણીમા ગરકાવ થઈ જવા પામ્યા છે. રાધનપુરમા ૬ કલાકમા ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. પાટણ-હારીજ-રાધનપુર-સિધ્ધપુર અને ચાણસ્મા નગરપાલિકાને કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવા છતા વહીવટીતંત્ર નિષ્ફળ નિવડ્યુ છે. વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન કરતા પ્રજાએ આજે ભારે હાડમારી ભોગવવી પડી રહી છે. લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે. રોડ રસ્તાઓ ધોવાઈ ગયા છે. છતા ચૂંટાતા કોર્પોરેટરો અને સત્તાધીશો સબસલામતની બુમો પાડે છે. સરકારના કરોડો રૂપિયા અને પ્રીમોનસુન પ્લાનમા ધોવાઈ જવા પામ્યા છે અને પ્રજા ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

પાટણ અને બનાસકાંઠા જીલ્લામા ચીકાર વરસાદે ખેડુતોમા આશા અને આનંદની લાગણી જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ વર્ષથી પાણીની અછત ભોગવતા આ ઉત્તર ગુજરાતમા આજે હેરહેર પાણીજ પાણી જોવા મળી રહ્યુ છે. પાટણથી કચ્છ સુધી છેલ્લા ત્રણ દિવસથી એકધારો મુશળધાર વરસી રહ્યો છે. પાટણ-બનાસકાંઠા-મહેસાણામા ભારે વરસાદથી તબાહી સર્જાઈ છે. લોકોના ઘરોમા પાણી ભરાયા નદી-નાળા છલકાયા.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક વરસાદ

મહેસાણાના સતલાસણમાં બે કલાકમાં પોણા પાંચ ઈંચ વરસાદ

સતલાસણા, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બાદ હવે ઉત્તર ગુજરાતનો વારો આવ્યો છે. શુક્રવારથી ઉત્તર ગુજરાતના રાજ્યોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. મહેસાણા, અરવલ્લીમાં ભારે વરસાદથી સ્થિતિ બગડી રહી છે. તો ઉત્તર ગુજરાતની નદીઓ પણ બે કાંઠે વહેતી થઈ છે. રાજ્યમાં આજે સવારથી આઠ વાગ્યા સુધીમાં ૪૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તો મહેસાણાના સતલાસણમાં બે જ કલાકમાં પોણા પાંચ ઈંચ કરતા વધારે વરસાદ વરસ્યો છે. અરવલ્લીના ભિલોડામાં ૧.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. પાટણના સિદ્ધપુરમાં એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. આજે સવારથી ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર વધ્યું છે. લેટેસ્ટ અપડેટ મુજબ, ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને પગલે ધરોઈ ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે. ધરોઈના કેચમેન્ટ વિસ્તારમાં વરસાદને પગલે પ્રતિ સેકન્ડ ૧૮૦૫૫ ક્સુસેક પાણીની આવક થઈ છે. જેથી ડેમની સપાટી ૬૦૪.૯૫ ફૂટ પર પહોંચી ગઈ છે.

હજી બે દિવસ ભારે વરસાદને પગલે ડેમમાં નવા નીરની આવકની શક્યતા હાલ ડેમમાં ૪૫.૪૯ ટકા પાણી થયું છે. ભારે વરસાદને પગલે અરવલ્લીની નદીઓમાં પૂર જેવી સ્થિતિ પેદા થઈ છે. શામળાજી પાસે મેશ્વો નદીમાં ઘોડાપૂર આવ્યા છે. મેશ્વો ડેમમાં ૩૨૬૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. જેથી મેશ્વો ડેમની સપાટીમાં એક ફૂટનો વધારો થયો છે. હાલની ડેમની સપાટી ૨૧૦.૬૯ ફૂટ નોંધાઈ છે. તો ભિલોડાની હાથમતી અને બુઢેલી નદીમાં પણ ઘોડાપૂરની સ્થિતિ પેદા થઈ છે. પૂરની સ્થિતિથી નદી કિનારાના ૨૦થી વધુ ગામોને સતર્ક કરાયા છે. જેથી જિલ્લા ક્લેક્ટર તલાટીઓને એલર્ટ રહેવા સૂચના આપી છે. ભિલોડા નગરમાં જળબંબાકાર જેવી સ્થિતિ પેદા થઈ છે. નગરનો આકાશી નજારો સામે આવ્યો છે. તો બીજી તરફ, મહેસાણામાં બીજા દિવસે પણ મેઘમહેર યથાવત છે. મેઘા નક્ષત્રનું કાચું સોનુ આકાશમાંથી વરસી રહ્યું હોય તેવું મહેસાણાવાસીઓ અનુભવી રહ્યાં છે. મહેસાણા જિલ્લામાં ક્યાંક ધીમી ધારે, તો કોઈ જગ્યા પર મુશળધારની સ્થિતિ પેદા થઈ છે. મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં ૫ ઈંચ વરસાદ તૂટી પડ્યો હતો. જોકે, જિલ્લાના ખેડૂતો આ વરસાદથી ખુશખુશાલ છે.

કારણ કે, જુવાર, બાજરી સહિત કપાસના પાકને આ વરસાદથી જીવનદાન મળશે. તો ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક વરસાદ થયો છે. રાજ્યમાં ૨૦૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં વલસાડના ઉમરગામમાં ૬ ઈંચ વરસાદ વરસ્યો છે. તો આણંદ જિલ્લાના આણંદ, મહેસાણા જિલ્લાના મહેસાણા શહેર, કચ્છના લખતરમાં ૪ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. નવસારીના જલાલપુર, મહેસાણાના કડી અને જામનગરના લાલપુરમાં ૩ ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૦ તાલુકામાં ત્રણ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. તો રાજયના ૨૭ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ વરસ્યો છે. રાજયના અક્ષર તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે.

કલોલ - ગાંધીનગર વચ્ચે રેલ્વે ક્રોસિંગ નં.૧૧ ૨૫ અને ૨૬ ઓગસ્ટના રોજ બે દિવસ માટે બંધ રહેશે

અમદાવાદ, અમદાવાદ મંડળ ના કલોલ - ગાંધીનગર રેલખંડ વચ્ચે આવેલા રેલ્વે ક્રોસિંગ નં.૧૧ ના ઓવરહોલિંગ કાર્ય હેતુ તારીખ ૨૫ થી ૨૬ ઓગસ્ટ ૨૦૨૦ સુધી બે દિવસ માટે સવાર ના ૦૮.૦૦ થી રાત્રે ૨૦.૦૦ સુધી માર્ગ ટ્રાફિક માટે બંધ રહેશે. માર્ગ ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન ગાંધીનગર સીટી ના નજીક રેલ્વે ક્રોસિંગ નંબર ૦૯ અને ૧૦ દ્વારા અવરજવર કરી શકે છે.

બોઘરાએ મુખ્યમંત્રી-ના.મુખ્યમંત્રીને પત્ર લખ્યો

ભાવનગર-હાઈવેના રોડમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો ભરત બોઘરાનો આક્ષેપ

રાજકોટ, ભાજપના પૂર્વ ધારાસભ્ય ડો.ભરત બોધરાએ રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે રાજકોટ-ભાવનગર હાઈવેના રોડમા ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કર્યો છે. ત્યાં જ રાજયના પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ પણ સ્વીકર્યું છે વરસાદનાં કરણે રાજકોટ-ભાવનગર હાઈવે પર ખાડા પડ્યા છે.

રાજકોટ ભાવનગર હાઈવે ફોરટ્રેક બનાવવામાં આવ્યો છે બે વર્ષ પહેલા તેનું કામ પૂર્ણ થયુ છે, જે રસ્તો બનાવમાં ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ ભાજપના પૂર્વ ધારાસભ્ય ભરત બોધરાએ કર્યો છે. સાથે કોન્ટ્રકટર સામે પગલાં લેવા અને ફરી રોડ બનાવવા માંગણી કરી છે.

તો બીજી બાજુ મંત્રી કુંવરજી બાવળીયાએ પણ થોડું હળવુ પાડી સ્વિકાર્યું છે કે, ભ્રષ્ટાચાર નહિ પણ બે વર્ષ પહેલાં આ રોડ તૈયાર કરવામાં આવ્યો છે અને ભારે વરસાદના કારણે અમુક વિસ્તારમાં નાના-મોટા ખાડા પડયા છે. જેની એઆરએન્ડબી વિભાગ કામગીરી કરશે.

લોકો ખાડા ખબડા વારા રોડથી પરેશાન છે ત્યારે હવે તો ખુદ ભાજપના પૂર્વ ધારાસભ્યએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો ત્યારે ટોલટેક્ષ બંધ કરવા લોકોની માંગ ઉઠી છે.

જોકે અહિં એ સવાલ પણ ઉભો થાય છે કે રાજકોટ-ભાવનગર હાઈવે માત્ર બે વર્ષ પહેલા જ બન્યો છે અને તેમા ખાડા પડી ગયા છે. સ્થાનિક લોકોનું એવું પણ કહેવું છે કે, આ રોડમાં કૌભાંડ આચરવામા આવ્યું છે અને હલ્કી ગુણવત્તાના મટિયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભિલોડામાં વરસાદની ધકામેદાર બેટિંગ જોતા NDRFની ટીમ સજ્જ કરાઈ

અરવલ્લી, મેઘા નક્ષત્રનું કાચું સોનુ આકાશમાંથી વરસી રહ્યું હોય તેવું મહેસાણાવાસીઓ અનુભવી રહ્યાં છે. સમગ્ર અરવલ્લી જિલ્લામાં ક્યાંક ધીમી ધારે, તો કોઈ જગ્યા પર મુશળધાર ની સ્થિતિ પેદા થઈ છે. અરવલ્લીમાં વરસાદી પાણીથી પરિસ્થિતિ વિકટ બનતી જઈ રહી છે. ધીરે ધીરે વરસાદનું જોર વધી રહ્યું છે. સમગ્ર સ્થિતિને પહોંચી વળવા અરવલ્લી જિલ્લામાં એનડીઆરએફની એક ટીમ પહોંચાડી દેવાઈ છે. જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે તંત્ર સજ્જ કરી દેવાયું છે. અરવલ્લીના ભિલોડા અને મોડાસામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અરવલ્લીના ભિલોડા, મોડાસા, ઈડર રોડ પર ઠેર ઠેર વરસાદી પાણીનું સામ્રાજ્ય પથરાઈ ગયું છે. અરવલ્લીના મોડાસા પંથકમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે.

મોડાસા નગર સહિત લાલપુર કંપા, સબલપુર, અનંદપુરા સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. ભારે વરસાદથી મોડાસા ચાર રસ્તા પર વરસાદી ભરાયા છે. તો શહેરના મુખ્યમાર્ગ પર પાણી ફરી વળતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અરવલ્લીના ગોવિંદનગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા છે. ગોવિંદનગરના નીચાણવાળા મકાનોમાં પાણી ભરાયા છે. ભિલોડા-ઈડર રોડ પર વરસાદી પાણી ફરી વળ્યા છે. શામળાજી સહીત જિલ્લાના અન્ય વિસ્તારમાં પણ વરસાદને કારણે પરિસ્થિતિ બેહાલ થવા જઈ રહી છે.

ભિલોડાની કોટેઝ હોસ્પિટલમાં પણ પાણી ભરાઈ ગયા છે. હોસ્પિટલ પરિસરમાં પાણી ભરાતા દર્દીઓ પરેશાન થઈ ગયા છે. ભીલોડા પોલીસ સ્ટેશનમાં પણ પાણી ભરાયા છે. તો બીજી તરફ, ભિલોડાનો સુનસર ધોધ ઓવરફ્લો થયો છે. પરંતુ આવામાં સુનસર ધોધનું રૌંદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. પંચાયતે ધોધ પર જવાનો રસ્તો બંધ કર્યો. પાટણના સિદ્ધપુરમાં વરસાદને પગલે મકાનનો સ્લેબ તૂટી પડ્યો છે. જેથી બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બની છે. સિંધી કેમ્પ, ગુરુકૃપા સોસાયટીમાં ૩ નંબરના મકાનમાં આ ઘટના બની હતી. સવારે ઘરમાં સૂતેલા પિતાને બચાવવા જતા પિતા-પુત્ર બંન્ને ઈજાગ્રસ્ત બન્યા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮માં સિદ્ધપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા છે.

શ્રીરામ સિટી યુનિયન ફાયાનાન્સ લીમીટેડ

SHRIRAM City
MONEY WHEN YOU NEED IT MOST

રજીસ્ટર્ડ ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦૦૦૧
બ્રાન્ચ ઓફિસ : શોપ નં. ૩૨,૩૩,૩૪, ૧લો માળ, સહારા માર્કેટ, આઈસીઆઈસીઆઈ બંક ઉપર, વાપી, સિલવાસા, વાપી- ૩૯૬૧૯૧ , ગુજરાત વેબસાઈટ :www.shriramcity.in

ભૌતિક કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ (એસસીયુએફ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.દેવાદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)ની પેટા કલમ ૮ મુજબ **૨૦મી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ** કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો ભૌતિક કબ્જો મેળવી લીધો છે.

કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.

દેવાદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ	મિલકતનું વિવરણ
૧. કિશાન પોલી પ્લાસ્ટ **(ભાગીદાર ગોપાલભાઈ જી પટેલ)** **સરનામું : બ્લોક નં. ૩૪ અને ૩૫ પીર, અશ્વિન એસ્ટેટ, ડુંગરી રોડ, ગામ -ચિખલા, વલસાડ- ૩૯૬૦૦૧ (ગુજ.)** **૨. શ્રીજી પોલી પ્લાસ્ટ** **(પ્રો. મધુબેન પરેશ ચનિયારા)** **સર.: ૦૩ સુનિલ એસ્ટેટ,એટ્ ચિખલા,પોસ્ટ-લીલાપોર,ગામ, ભાદેલ, વલસાડ-૩૯૬૦૦૧, (ગુજ.)** **૩. શ્રી ગોપાલભાઈ જી પટેલ** **૪. શ્રીમતી રેખાબેન જી પટેલ** **સર, એ- ૭૦૬ શુભમ ટાવર-૦૩, , ૭મું ડુંગરફલિયા, ચાલા, વાપી, ૩૯૬૧૯૧ (ગુજ.)** **૫. મધુબેન પરેશ ચનિયારા** **૬. પરેશકુમાર ગોરધન ચનિયારા** **સરનામું : ૦૩ સુનિલ એસ્ટેટ, એટ્ ચિખલા, પોસ્ટ. લીલાપોર- ગામ - ભાદેલ, વલસાડ- ૩૯૬૦૦૧ (ગુજ.).**	**રૂા. ૭,૭૪,૨૦,૪૪૩/- (રૂપિયા સાત કરોડ ચુવોતેર લાખ વીસ હજાર ચારસો તેતાલીસ પુરા) જે ૪થી મે, ૨૦૧૮ થી છે.**	**મિલકત નં. ૧: બ્લોક નં. ૩૪ની જમીન નુ માપ ૧૪૭૦ સ્કેવર મી. સાથે નિર્મિત કન્સ્ટ્રક્શન માપ ૧૪૮ સ્કેવેર મીટર અસલ સર્વે નં. ૨૨/૧, ગામ સરોધી તાલુ અને જિલ્લો- વલસાડ કિશાન પોલી પ્લાસ્ટની પાર્ટનરશીપ ફર્મની માલિકી હેઠળ સ્થિત છે. મિલકત નં. ૨ : કમ્પ્યૂટરાઈઝ્ડ બ્લોક નં. ૩૫ની જમીન /પૈકી માપ ૧૦૮૪ સ્કેવર મી. સાથે નિર્મિત કન્સ્ટ્રક્શનનું માપ ૨૭ સ્કેવર મી. અસલ સર્વે નં. ૨૨/૧ + ૨૨/૩ જે ગામ સરોધી તાલુ અને જિલ્લો. વલસાડ કિશાન પોલી પ્લાસ્ટ ના પાર્ટનરશીપ હેઢશ સ્થિત છે જેની ચારે બાજુ : ઉત્તરે અશ્વિન હિમ્મતલાલ શાહની પ્રોપરટી, દક્ષિણે : બડામિયા પ્લાસ્ટિકની પ્રોપર્ટી પુર્વે : બડામિયા પ્લાસ્ટિકની પ્રોપર્ટી પશ્ચિમે : એચ.એન. ૦૬ પ્રોપર્ટી નં. ૩: પ્લોટ નં. ૩ની જમીનનું માપ ૮૩૬ સ્કેવેર મી. સાથે ત્યા બનાવેલ કન્સ્ટ્રક્શન જે બ્લોક નં. ૨૧૨/પૈકી ભદેલી દેસાઈ પાર્ટી તાલુ. અને જિલ્લો વલસાડ સ્થિત છે જેની માલિકી શ્રીજી પોલીપ્લાસ્ટ મારફતે આના પ્રોપરાઈટર મધુબેન પરેશભાઈ ચનિયારા છે તેની ચારે બાજુઃ ઉત્તરે : રેવેન્યુ સર્વે નં. ૨૦૨, દક્ષિણે : ઈન્ટરનલ રોડ, પુર્વે : પ્લોટ નં. ૦૨, પશ્ચિમે : પ્લોટ નં. ૦૪ સ્થિત છે.**

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે.

સ્થળ : સરોધી/વલસાડ
તારીખ : ૨૫.૦૮.૨૦૨૦

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ

પાટનગર ગાંધીનગરમાં પણ મેઘરાજાએ રમઝટ બોલાવી

અમદાવાદમાં મેઘાની તોફાની બેટિંગ: રાણીપમાં સૌથી વધુ બે ઈંચ વરસાદ

અમદાવાદ, અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો. જે બાદ વરસાદે વિરામ લીધો હતો. જો કે, આજે સવારે કાળા ડિબાંગ વાદળો છવાયા બાદ મેઘ મહેર થઈ હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ગઈકાલ રાત બાદ અમદાવાદમાં આજે પણ સવારથી જ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. અમદાવાદના વિવિધ વિસ્તારોમાં મધ્યમથી ધોધમાર વરસાદ વરસ્યો. શહેરના વસ્ત્રાપુર, શાસ્ત્રીનગર, રાણીપ, ઘાટલોડિયા, વેજલપુર, એસ.જી. હાઈવે, જીવરાજપાર્ક, નારણપુરા, ગુજરાત યુનિવર્સિટી, વસ્ત્રાલ, રામોલ, સીટીએમ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. શહેરમાં પડેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે, જેના લીધે સ્થાનિકોને હાલાકી પડી રહી છે. સવારથી જ વરસાદ શરૂ થતાં નોકરી પર જતાં લોકોને પણ મુશ્કેલી પડી હતી. તો એકલદોકલ વિસ્તારોમાં ઝાડ પડવાના સમાચાર પણ સામે આવ્યા છે. આજે સવારના છ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમિયાન રાણીપ વિસ્તારમાં સૌથી વધારે બે ઈંચ વરસાદ પડ્યો હતો. ટાગોર કંટ્રોલ ખાતે પોણા બે ઈંચ, ચાંદખેડા અને ઉસ્માનપુરા ખાતે એક-એક ઈંચ વરસાદ નોંધાયો છે. બોડકદેવમાં પણ એક ઈંચની આસપાસ વરસાદ નોંધાયો છે. સરખેજમાં સવા ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે વટવા ખાતે એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ મેઘરાજાએ સવારથી રમઝટ બોલાવી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ હજી ત્રણ દિવસ ભારે વરસાદ રહેશે. બંગાળની ખાડીમાં લો પ્રેશર સક્રિય થતાં ૨૨ અને ૨૩ ઓગસ્ટે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદ પડશે. મહત્વનું છે કે, છેલ્લા એક સપ્તાહથી રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર થઈ રહી છે.ઓગસ્ટ મહિનામાં રાજ્યમાં મેઘ મહેર થતાં અત્યાર સુધીમાં ૮૮.૫૫ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા વરસાદના કારણે અનેક ડેમોમાં નવા નીરની આવક થઈ છે. અમુક ડેમ છલકાયા છે અને અમુક હાઈ એલર્ટ પર છે.

૩૮ કરોડના ખર્ચે બ્યુટિફિકેશન બાદ સૂરસાગર તળાવનો વોક-વે પાણીમાં ગરકાવ

વડોદરા, વડોદરા શહેરની મધ્યમાં આવેલા સુરસાગર તળાવનું ૩૮ કરોડ રૂપિયાના ખર્ચે બ્યુટીફિકેશન કરવામાં આવ્યું છે. જોકે ભારે વરસાદના પગલે સુરસાગર તળાવ ભરાઈ જતા શહેરીજનો માટે બનાવવામાં આવેલો વોક વે ડૂબી ગયો હતો. જેના કારણે વડોદરા મહાનગરપાલિકાને અલાયદો પંપ લગાવીને પાણીનો નિકાલ ડ્રેનેજમાં કરવાની નોબત આવી છે, જેની સામે વાંધો ઉઠાવીને પાલિકાના વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે નારાજગી વ્યક્ત કરી હતી. વડોદરા મહાનગરપાલિકા દ્વારા સુરસાગર તળાવના બ્યુટીફીકેશન બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તળાવને લોકો માટે ખુલ્લુ મૂકવાની જગ્યાએ ખંભાતી તાળા લગાવી દેવામાં આવ્યા છે. હાલ ભારે વરસાદના પગલે સુરસાગર તળાવ પાણીથી ભરાઈ જતા સુરસાગરની ચારે તરફ બનાવેલો વોક વે પાણીમાં ગરકાવ થઈ ગયો છે અને આ પાણી ઉલેચવા માટે પાલિકા દ્વારા પંપ મૂકીને વધુ ખર્ચો કરવો પડ્યો છે. વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે આજે સુરસાગર તળાવનું નિરીક્ષણ કર્યું હતું અને પાલિકાની કામગીરી અંગે ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે આક્રોશ દર્શાવ્યો હતો. ભારે વરસાદના પગલે સુરસાગર તળાવ ભરાઈ જતા શહેરીજનો માટે બનાવવામાં આવેલો વોક વે ડૂબી ગયો હતો. જેના કારણે વડોદરા મહાનગરપાલિકાને અલાયદો પંપ લગાવીને પાણીનો નિકાલ ડ્રેનેજમાં કરવાની નોબત આવી છે.

FELIX INDUSTIES LIMITED

CIN: L40103GJ2012PLC072005
Regd. Off: 208, Devshruti Complex, Opp. Medisurge Hospital
Nr. Mithakhali Cross Road, Ellisbridge Ahmedabad GJ -06
Tel: (079) 26463658/59 **Visit us at:** www.felixindustries.co,
Email: hena.shah@felixindustries.co

NOTICE TO THE SHAREHOLDERS OF 08TH ANNUAL GENERAL MEETING

NOTICE is hereby given that the 08th Annual General Meeting ("AGM") of the Company will be held on Monday, September 28, 2020 at 4.00 P.M. through Video Conference ("VC")/Other Audio Visual Means ("OAVM") to transact the businesses as set out in the Notice of AGM, which is being circulated for convening the AGM.

In view of the continuing COVID-19 pandemic, the Government of India, Ministry of Corporate Affairs, vide its Circular No. 14/2020 dated April 8, 2020, Circular No. 17/2020 dated April 13, 2020 and Circular No. 20/2020 dated May 5, 2020 and also Securities Exchange Board of India, vide its circular No. SEBI/HOJCFDJCMD1JCIR/P/2020 dated May 12, 2020 ("Circular"), have permitted the holding of AGM through VC/ OAVM, without the physical presence of the Members at a common venue. In compliance with these Circularand the relevant provisions of the Companies Act, 2013 and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the AGM of the Members of the Company will be held through VC/OAVM.

In accordance with the aforesaid Circulars, Notice oftheAGM along with the Annual Report 2019-20 are being sent only by electronic mode to those Members whose e-mail addresses are registered with the Company/Depositories. Members may note that the Note of AGM and Annual Report 2019-20 will also be available on the Company's Website www.felixindustrie.coand on website of the Stock Exchanges i.e. National Stock Exchange of India Limited at www.nseindia.com respectively and the AGM Notice is also available on the website of CDSL (agency for providing the Remote e-Voting facility) i.e. www.evotingindia.com. Members can attend and participate in the AGM through the VC/OAVM facility only. The instructions for joining the AGM are provided in the Notice of the AGM. Members attending the meeting through VC/OAVM shall be counted for the purpose of reckoning the quorum as per Section 103 of the Companies Act, 2013.

The Company is providing remote e-voting facility ("remote e-voting ") to all its members to cast their votes on all resolutions as set out in the Notice of AGM. Additionally, the Company is providing the facility of voting through e-voting system during the AGM ("e-voting"). Detailed procedure for remote e-voting/e-voting is provided in the NoticeoftheAGM.

In case of Member(s) who have not registered their e-mail addresses with the Company/Depository, are requested to please follow the below instructions to register their e-mail address for obtaining Annual Report and login details fore-voting.

a. For members holding shares in Physical mode please provide necessary details like Folio No., Name of shareholder by email to hena.shah@felixindustries.co.

b.Members holding shares in Demat mode can get their E-mail ID registered by contacting their respective Depository Participant or by email to hena.shah@felixindustries.co .

The 08thAGM Notice will be sent to the shareholders holding shares as on cut-off date i.e. Friday 28th August2020 in accordance with the applicable laws on their registered e-mail addresses in due course.

In case you have any queries or issues regarding e-voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evotingindia.corn, under help section or write an email to helpdesk.evoting@cdslindia.com or call 022-23058542/43.

All grievance connected with the facility for voting by electronic means may be addressed to Mr. Rakesh Dalvi, Manager, Central Depository Services {India) Limited, A Wing, 25th Floor, Marathon Futurex, Mafatlal Mill Compounds, N M Joshi Marg, Lower Parel (East), Mumbai - 400013 or send an email to helpdesk evotinq@cdslindia.com or call 022-23058542/43.

By the Order of Board of Directors
Felix Industries Limited
Sd/-
Ritesh Vinay Patel
Managing Director
(DIN: 05350896)

Place: Ahmedabad
Date: 24/08/2020

અરમાન હોલ્ડીંગ લીમીટેડ

સીન : L65993GJ1982PLC08296
રજીસ્ટર્ડ ઓફિસ :૪૧૯, રાજહંસ હાઈટ્સ, મીની બઝાર, વરાચ્છા રોડ, સુરત- ૩૯૫૦૦૬.
ટેલી નં. : ૯૫૮૬૦૦૬૫૬૯ ઈ-મેલ આઈડીઃ armanholdingsltd@gmail.com
વેબસાઈટ : www.armanholdings.in

રિમોટ ઈ-વોટીંગ, બુક ક્લોઝર તથા ૩૮મી વાર્ષિક સામાન્ય સભાની જાણકારી માટે સંબંધિત સભ્યોને નોટિસ

આથી અહી નોટિસ આપવામાં આવે છે કે અરમાન હોલ્ડીંગ લીમીટેડએ ૩૮મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)ની વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી) અથવા બીજી તરફ ઓડીયો વિજયુઅલ મીન્સથી (ઓએવીએમ) **બુધવાર,૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ સવારે ૧૦.૦૦ વાગે** ભારતીય સ્ટાન્ડર્ડ સમય (આઈએસટી)મુજબ નિર્ધારિત વ્યવસાયનો વ્યવહાર કરવા માટે યોજાશે. કંપનીની ૩૮મી એજીએમ (નોટિસ)ની જાણકારી ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ પુર્ણ કરેલ છે.

કોવિડ-૧૯ ના રોગચાળાને ધ્યાનમાં રાખીને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રીલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રીલ ૨૦૨૦ અને ૫મી મે, ૨૦૨૦અનુક્રમે (એમસીએ પરિપત્ર) અને સિક્યોરીટી અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના પરિપત્ર મુજબ શારીરિક હાજરી વિના યોજાશે.

ઉપર્યુક્ત પરિપત્રનું પાલન કરતા ૩૮મી એજીએમની નોટિસ તેની સાથે વીસી/ઓએવીએમમાં લોગ ઈન થવા તથા ઈ- વોટિંગ ની માર્ગદર્શિકા અને ૨૦૧૯-૨૦ નાણાકીય વર્ષનો અહેવાલ ઈલેક્ટ્રોનિકલી મારફત મંગળવાર ૧૮મી ઓગસ્ટ,૨૦૨૦ ના રોજ મોકલી દેવાયેલ છે. જે શેર ધારકોના *ઈમેલ આઈડી ડિપોઝટરી પાર્ટીસીપેન્ટ અથવા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાંસફર એજેન્ટ ની પાસે નોંધાયેલા છે, તે સભ્યાકંપની વેબસાઈટ* (www.armanholdings.in.) સ્ટોક એક્સચેન્જ ની વેબસાઈટ (www.bseindia.com) અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસેઝ (ઈન્ડિયા) લીમીટેડ(સીડીએસએલ)(www.evotingindia.com) પર પણ ઉપલબ્ધ છે. કંપનીએ એજીએમ વીસી/ઓએવીએમ દરમ્યાનની ઉપયોગિતા સાથે ૩૮મી એજીએમ દરમ્યાન રિમોટ ઈ- વોટિંગ પ્લેટફોર્મ પર બધા સભ્યો ને તેમના વોટ આપવાના રહેશે. આના માટે કંપનીએ સીડીએસએલની સગવડતા ઉપલબ્ધ કરાવી છે.

કોઈપણ સભ્ય જે એજીએમમાં વીસી અથવા ઓએવીએમ મારફતે હાજર હોય અને રીમોટ ઈ વોટીંગ ન કર્યુ હોય અને આ બાબતે પ્રતિબંધિત ના હોય તે સભ્ય એજીએમ દરમ્યાન મતદાન કરી શકે છે એજીએમ દરમ્યાન ઈ- વોટિંગની સગવડ ઉપલબ્ધ છે.એજીએમ દરમ્યાન ઈ વોટીંગ સીસ્ટમથી વોટીંગ કરવાની રીત એજીએમ નોટીસમાં દર્શાવી છે.

રીમોટ ઈ-વોટિંગીનો દિવસ તારીખ અને સમય રવિવાર,૧૩ સપ્ટેમ્બર,૨૦૨૦ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યા થી મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના સાંજે ૫.૦૦ ક્લાકે પુરો થશે,તે પછી એટલે મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના સાંજે ૫.૦૦ ક્લાકે રિમોટ વાટિંગ બંધ કરી દેવામાં આવશે. ૩૮મી એ.જી.એમની નોટિસમાં દર્શાવ્યા મુજબના ઠરાવો પર કંપની એ રિમોટ ઈવોટીંગની તેમજ એજીએમ દરમ્યાન ઈ વોટીંગની સગવડ આપી છે .

જે સભ્યો રીમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ચુક્યા હોય તેઓ વીસી અથવા ઓએવીએમની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી શકશે પરંતુ એજીએમ દરમ્યાન ઈ વોટીંગ સીસ્ટમ મારફતે ફરીવાર મત આપી નહિ શકે.

જે સભ્યો ફીઝીકલ પધ્ધતિએ શેર ધરાવતા હોય અને તેમણે કંપની પાસે તેમનુ ઈમાઈલ એડ્રેસ ન નોઘાવ્યુ હોય તેઓ ઈવાટીંગની સગવડ માટે કંપની ના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ એડ્રોઈટ કોર્પોરેટસવર્વીસ પ્રાઈવેટ લીમીટેડને શેર ધારકાના નામ, ફોલિયો નં. જે ડિમેટલાઈઝ્ડ મોડમાં છે તે ડિપોઝિટરી પાર્ટીસિપેન્ટ ના ઈ-મેઈલ એડ્રુસ સાથે રજીસ્ટર્ડ કરાવવા વિનતિ મોકલવી.

એજીએમમાં વ્યવસાયના વ્યવહાર માટે ઉપલબ્ધ સબંધિત દસ્તાવેજોઈલેક્ટ્રોનિક મોડ મારફતે સભ્યો કંપનીના હદ્દીર્જજિજ્હદ્વિહ્હર્હર્ક્ષ્ક્ષૈહસ્ત્રજ઼ે.હ.પર લખી શકે છે.

શેર ધારકોને ઈ વોટીંગ બાબતે કોઈ પ્રશ્ન હોય તો કૃપયા ફ્રિન્ક્વેલી આસ્ક ક્વેશ્ચન (એફએક્યૂ) શ્રી રાકેશ દલવી સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વીસીસ (ઈન્ડીયા લીમીટેડ ના મેનેજર એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફુતુરેક્ષ, મફતલાલ મીલ કંમ્પાઉ,એન એમ જોષી માર્ગ,લોઅરપરેલ (ઈસ્ટ),મુમ્બઈ-૪૦૦૦૧૩.ઈમેઈલ e-votingindia.com અથવા help desk e-voting@cdslindia.com અથવા ફોન નં ૧૮૦૦૨૨૫૫૩૩ પર સંપર્ક કરવો.

નોંધ : આથી કંપની એક્ટ ૨૦૧૩ની કલમ ૯૧ અને સેબીના રેગ્યુલેશન ૪૨ સાથે (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન રુસ્, ૨૦૧૪ અને (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડીસક્લોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન-૨૦૧૫ ને અનુસરતા સભ્યો કંપનીની શેર ટ્રાંસફર બુક શનિવાર, ૧૨મી, સપ્ટેમ્બર થી બુધવાર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૦(સહિત બન્ને દિવસ) ૩૮મી એજીએમના વ્યવહાર માટે બંધ રહેશે.

એજીએમમા જે સભ્યોના નામ સામેલ કરેલ છ તેઃ

૧. ઈલેક્ટ્રોલી ફોર્મમાં શેર્સ ધારણ કરેલ છે તે નેશનલ સિક્યોરિટી ડિપોઝટરી લીમીટેડ અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસેસ (ઈન્ડિયા) લીમાટેડ માં શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ પહેલા બિઝનેસ સમય દરમ્યાન બેનીફિશિયલ ઓનર તરીકે સામેલ થઈ શકે.
૨. જે સભ્યો શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ પહેલા ટ્રાંસફર એજેન્ટ અડોરાઈટ કાર્પોરેટ સર્વિસેજ પ્રાઈવેટ લીમીટેડ અને તે કંપનીમાં ટ્રાંસમીશનના ટ્રાંસપોઝિશન માટે કંપની સભ્યો ને પ્રભાવિત કરે છે.

અરમાન હોલ્ડીંગ લિમિટેડના પક્ષમાં અને તેમના વતી
એસડી/-
હીનાબંગા
કંપની સેક્રેટરી

સ્થળ : સુરત
તારીખ :૨૪ ઓગસ્ટ,૨૦૨૦